**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા..૨૬/૯/૨૦૧૫ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૯૩૨/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી અને ૨૨ વ્યક્તિઓને ઝડપી ૪૭૨ લીટર દેશી દારૂ, ૧૫૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪૦ બિયર ટીન, ૦૧ મોટર સાયકલ અને ૦૨ કાર કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૩૩/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૯૩૪/૧૫**

**વેજલપુરઃ** જમસાદમોહમદ કલીમુદ્દીન શેખ (ઉ.વ.૨૫) (રહે. કુબા મસ્જીદ પાસે મિલ્લત કોલોની ગુપ્તાનગર વાસણા) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૯/૧૫ રાતના ૧૧/30 વાગ્યાના સુમારે સાગર ફ્રાય સેન્ટર સીમલા ટી સામેથી જમસાદમોહમદના ભાઈ મહમદમન્સુર મોહમદકલીમુદ્દીન શેખ (ઉ.વ.૨૨) પસાર થઈ રહ્યા હતા ત્યારે આરોપી (૧) ઇશરાર મન્સુરી અને (૨) અબ્દુલ કલામ મન્સુરી નાઓએ ભેગા મળી પાનના પૈસા લેવા બાબતે બોલા ચાલી ઝગડો કરી ગુપ્ત ભાગે જોરથી લાત મારતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે વા.સા.હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મહમદમન્સુર મોહમદકલીમુદ્દીન શેખને મૃત જાહેર કર્યો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.બી.વાળંદ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૯૩૫/૧૫**

**વટવા :** કમલેશકુમાર બળવંતરાય ગુપ્તા (રહે.પુનીતનગર સોસાયટી, સિધ્ધી વિનાયક હોસ્પીટલની પાછળ, મણીનગર) એ તા.૨૫/૯/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૯/૧૫ સાંજનાં ૭/૦૦ થી તા.૧૩/૯/૧૫ નાં કલાક ૯/30 સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના નારોલ સર્કલ, ભારત સિમેન્ટ કંમ્પાઉન્ડમાં આવેલ શેહત આદિત્યલ્ય માર્કેટીંગ પ્રા.લી.કંપનીનાં ગોડાઉનનું શટર તોડી, અજાણી વ્યક્તિ ગોડાઉનમાં પ્રવેશ કરી, જુદી-જુદી કંપનીનાં રેડીમેઇડ ટી-શર્ટ, શોર્ટ શર્ટ, જેકેટ અને શુટ મળી કિમત કુલ રૂપિયા ૧,૮૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.સી.ઝાલા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)